

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### શ્રમ કાયદાના ભંગ બદલ ૧૭૬ ઔદ્યોગિક એકમો સામે કોર્ટ કેસ

ગાંધીનગર જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઓદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ રજુ કરેલા આ પ્રશ્નના લેખિત ઉત્તરમાં શ્રમ મંત્રીના જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના ૨૧૦૯ ઓદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી જયારે તપાસ દરમિયાન ૧૬૩ એકમો કસુરવાર હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ કસુરવાર ઔદ્યોગિક એકમો સામે શુ પગલા ભરાયા તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં પણ તેમણે જણાંવ્યુ હતુ કે ૧૭૬ ઔદ્યોગિક એકમો સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

### બિનખેતી પરવાનગી માટે જિલ્લામાંથી ૧૫૮૯ ઓનલાઇન અરજી મળી

ગાંધીનગર જિલ્લામાં બિનખેતી અંગેની પરવાનગી માટે ઓનલાઈન કેટલી અરજી મળી જયારે આ અન્વયે કેટલી અરજીઓનો નિકાલ થયો ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં ઓનલાઈન ૧૫૮૯ અરજીઓ મળી છે. આ અન્વયે ગત તા ૩૧ માર્ચ ની સ્થિતિએ ૭૯૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

### ખેતીની જમીન રીમાપણી અન્વયે ૪૨૧૩ ફરિયાદોનો નિકાલ

ગાંધીનગર જિલ્લામાં ખેતીની જમીનની રીમાપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર કેટલી અરજીઓ મળી કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે રજુ થયેલા જવાબ મુજબ ગાંધીનગર તાલુકામાંથી ૨૪૪૮ અરજીઓ મળી જે અન્વયે ૧૪૧૬ નો ફરિયાદનો નિકાલ કરાયો છે. આ ઉપરાંત કલોલ તાલુકામાંથી મળેલી ૧૫૬૩ અરજીઓ પૈકી૯૬૩, દહેગામ તાલુકામાંથી ૮૮૦ પૈકી૭૬૨ અને માણસા તાલુકામાંથી૧૪૨૯ પૈકી૧૦૭૨ ફરિયાદોનો નિકાલ કરાયો છે. જિલ્લાના ચારેય તાલુકામાંથી કુલ ૬૩૨૦ મળેલી ફરિયાદો અન્વયે ૪૨૧૩ નો નિકાલ કરાયો છે.

### ઔદ્યોગિક ભરતી મેળાના આધારે ૧૦૮૦૩ ઉમેદવારને રોજગારી

રોજગાર વિનિમય કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં ૩૫ ઔદ્યોગિક ભરતી મેળાનુ આયોજન કરાયુ છે.દહેગાના ધારાસભ્યએ આ અંગે રજુ કરેલા પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયા મુજબ ભરતીમેળા અન્વયે ૧૦૮૦૩ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે.

### જિલ્લામાં ૫૩૬ ને વિકલાંગ શિષ્યવૃતિ યોજનાનો લાભ

ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે કેલી અરજી મળી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ વિકલાંગ શિષ્યવૃતિ યોજનાને અનુલક્ષી ૫૫૬ અરજીઓ મળી છે. જયારે આ અન્વયે ૫૩૬ અરજી મંજુર કરવામાં આવી છે. આ યોજના અન્વયે રૂ ૬.૯૩ લાખની શિષ્યવૃતિની રકમ ચુકવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં ગરકાવ

## પિયત માટે સરકાર પાણી આપે તેવી ઉગ્ર બનતી માંગ



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતો હવે પિયત માટે સુજલામ્-સુફલામ્‌ની જે કેનાલો છે તેમાં પાણી છોડવામાં આવે અને ખેડૂતોને સિંચાઈ માટે તેનો લાભ લેવાની મંજૂરી આપવી જોઈએ.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ કપાસને પિયતની તાતી જરૂરિયાત છે. આ ઉપરાંત મગફળી અને ડાંગરના ધરૂવાડિયાની ખેતી માટે પાણીની જરૂરિયાત છે.

જિલ્લામાં ખેડૂતો પાણી માટે દોડતા થયા છે આ ઉપરાંત ઘાસચારાના પાક માટે પણ તે જરૂરી બન્યુ છે ત્યારે સરકારે ખેડૂતોના હિતમાં આ અંગે સત્વરે નિર્ણય કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

જિલ્લામાં ભૂગર્ભ જળની સ્થિતિ નબળી હોવાથી પિયત પણ મોંઘી બની છે ત્યારે સરકારે પાણી માટે યોગ્ય નિર્ણય ઝડપથી લેવો જોઈએ. ખેડૂતોને ઉનાળામાં પણ પાણી અપાયુ ન હતુ અને હવે ખરીફ ઋતુમાં વાવેતરને બચાવવા માટે પાણી આપવું જોઈએ.

# જળશકિત અભિયાનમાં આજે પંચાયતોને સક્રિય ભૂમિકા માટે સમજૂત કરાશે

## જિલ્લાના સરપંચ-તલાટીઓની દરેક તાલુકા મથકે ખાસ બેઠકો બોલાવાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં જળશકિત અભિયાન જે કેન્દ્ર સરકારની સૂચનાથી હાથ ધરવામાં આવ્યું છે તેને વેગીલું બનાવવા માટે આજે સરપંચો અને તલાટીઓની એક સયુંકત બેઠક બોલાવવામાં આવી છે.

દરેક તાલુકા પંચાયત કચેરી ખાતે આ બેઠકો યોજવામાં આવશે અને સવારે ૧૧ વાગે યોજાનાર આ બેઠકોમાં જિલ્લાના અધિકારીઓ હાજરી આપશે.

કેન્દ્ર સરકારે જળશકિત અભિયાનને અતિ ગંભીર લેખાવતાં ૧૪મા નાણાં પંચની પંચાયતોને મળેલી ગ્રાન્ટમાંથી પણ આ કામો હાથ ધરી શકાશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપી છે અને જિલ્લા કક્ષાએથી આ બાબતે મોનીટરીંગ થાય તેવો આગ્રહ પણ કરવામાં આવ્યો છે.

આજે સરપંચ-તલાટીઓની મળનારી સંયુકત બેઠકમાં જળશકિત કાર્યક્રમ અંગે સમજૂત કરવા ઉપરાંત કેવા કેવા કામ હાથ ધરી શકાય તેની પણ વિગતો આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય કક્ષાએ વોટર કન્ઝર્વેશન એન્ડ રેઈન વોટર હાર્વેસ્ટીંગ, રૂફ ટોપ રેઈન વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર્સ ચેકડેમ, ટ્રેન્વીલ અને ખેત તલાવડી, વોટર શેડ ડેવલપમેન્ટ અને ઈન્ટેન્સીવ એફોર સ્ટેશનના

● અનુસંધાન પાન-૭ પર

# આજે વિશ્વવસ્તી દિવસ ઉજવાશે

## વાવોલ ખાતે ખાસ રેલીનું આરોગ્યતંત્ર દ્વારા આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવશે આ માટે આરોગ્ય તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે વાવોલ ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે તંત્ર દ્વારા જિલ્લામાં વકતૃત્વ સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધાઓ, સાસુ-સંમેલનો, નવદંપતિઓના પણ સંમેલનોનું આયોજન કર્યું હતું.

આ વખતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણીમાં 'કુટુંબ નિયોજનથી નિભાવીએ જવાબદારી, માતા અને બાળકના સ્વાસ્થ્યની પુરી તૈયારી'' થીમ પર વિવિધ આયોજનો કરાયા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ વસ્તી ૧૩ લાખ જેટલી છે. જિલ્લામાં વસ્તીનું ભારણ ઘટે અને કુટુંબ નિયોજન અને તેની અન્ય પ્રવૃત્તિઓનો વ્યાપ વધે તે માટે આખો રોડ-મેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં હાલ સ્ત્રી જન્મદરનું પ્રમાણ સુધર્યુ હોવાનો દાવો પણ તંત્રના સૂત્રો દ્વારા કરવામાં આવ્યો છે. જોકે નીતિ આયોગે તેના તાજેતરના અહેવાલમાં ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જન્મદરના ઘટતા જતા આંકને લઈ ચિંતા વ્યકત કરી હતી જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં સંસ્થાકીય પ્રવૃત્તિના લક્ષ્યાંકમાં પણ સારી એવી સિદ્ધિ મળી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગર એસ ટી ડેપોમાં તસ્કર રાજ : ગઠીયાઓ બિન્દાસ્ત : મુસાફરો ભયભીત

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપો ખિસ્સા કાતરુઓનો અડ્ડો બની ગયુ છે. સ્માર્ટ સીટીનો દરજ્જો ધરાવતા પાટનગરમાં બહારગામથી આવતા મુસાફરો ડેપોમાં પ્રવેશતા જ તસ્કરીનો ભોગ બને છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં રોજબરોજ આવતા મુસાફરોના ખિસ્સા કપાય છે..મોબાઈલ ફોન સેરવી લેતા ગઠીયાઓને પણ કોઈનો ડર નથી જયારે લાગ મળે તો મહીલાના ગળામાંથી ચેઈન સ્નેચીંગ કરવાનુ પણ ચુકતા નથી. ગત ૧૫ દિવસમાં આ પ્રકારના ૧૨ થી વધુ મુસાફરો તસ્કરીનો ભોગ બન્યા હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે પણ જાગૃત અને શિક્ષિત નાગરિકો થાકી ગયા છે. પાટનગરમાં સ્થિત ડેપો સંકુલમાં ખુલ્લેઆમ બિન્દાસ્ત બનતા ગઠીયાઓને કોઈ રોકવાવાળુ નથી. જિલ્લા પોલીસ તંત્ર કાયદો અને વ્યવસ્થાના નામે સબ સલામત હોવાનો દાવો કરે છે. બીજીતરફ શહેરના હાર્દસમા વિસ્તારમાં જ તસ્કરોએ અડ્ડો જમાવી ધોળા દિવસે લુંટફાટ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં ડેપો કક્ષાએથી અનેકવાર ચોકી માટે જગ્યા ફાળવી દેવા માટે પણ તૈયારી દર્શાવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ જિલ્લા પોલીસ તંત્રની નિરસતાના લીધે ડેપોમાં પોલીસ પહેરો ગોઠવી શકાતો ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પાટનગરના એસ ટી ડેપોમાં જ નાગરિકોની સલામતી નથી. સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓ ડેપોમાં આંટો મારતા પણ ભય અનુભવે છે. એક રીતે આ બાબત જિલ્લા પોલીસ તંત્ર માટે પણ શરમજનક હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. ગત સપ્તાહ દરમિયાન મુસાફરોના પાકીટ, મોબાઈલ તેમજ દાગીના પણ હાથફેરો કરી ગઠીયાઓ પલાયન થઈ ગયા હતા. ચોર ટોળકીના આતંકથી ભયભીત ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. પાટનગરની મુલાકાતે આવતા નિર્દોષ નાગરિકો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. ત્યારે અતિથિ દેવો ભવ ની વાતો પણ આમ નાગરિકોના ગળે ઉતરે તેમ નથી. ડેપો સંકુલમાં ત્વરિત પોલીસ ચોકી કાર્યરત કરી આમ નાગરિકોને સુરક્ષા મળે તેવી વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# વન આરક્ષિત જગ્યા પર નિર્માણ કરાયેલી નવી ફેન્સીંગમાં ગાબડા

ગાંધીનગર તા ૧૦

શહેરમાં વનતાંત્ર દ્વારા કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી લોખંડની ફેન્સીંગમાં ગાબાડ પડવાનુ શરૂ થયુ છે. હરિયાળીના જતન અને રક્ષણ માટે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલી ફેન્સીંગમાં ભંગાણ થતા હરિયાળીની જાળવણી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી માટે પણ વિશેષ આયોજન કરવામાં આવે છે પરંતુ ફેન્સીંગની યોગ્ય જાળવણી થતી નથી.

શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વનતાંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વન આરક્ષિત વિસ્તારને દબાણ તેમજ ગંદકી મુક્ત રાખવા માટે પણ તંત્ર દ્વારા લોખંડની ફેન્સીંગ કરી દેવામાં આવી છે. અગાઉ આ ઠેકાણે સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગ વારંવાર તુટી જતી હોવાથી વનતંત્ર દ્વારા કરોડોના ખર્ચે નવી ફેન્સીંગ કરવામાં આવી છે. જયારે મુખ્યમાર્ગોની સાથે અન્ય માર્ગોની આસપાસ પણ હરિયાળીનુ રક્ષણ અને જતન કરવાના આશયથી નવી ફેન્સીંગ બનાવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. હાલ વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી સાથે હરિયાળી નિખારવા માટે પણ તંત્ર સજ્જ છે. પરંતુ વનતંત્ર દ્વારા કરવામાં આવેલી આ ફેન્સીંગમાં કેટલાક ઠેકાણે ગાબડા પડયા છે. ચ માર્ગ પર આસપાસ સ્થિત ફેન્સીંગ ટુંકા ગાળામાં જ કંગાળ બની છે. બીજીતરફ સેકટરોમાં વન આરક્ષિત જગ્યામાં પણ દબાણો હજુ દુર થયા નથી. દબાણ અને ગંદકીના લીધે વન આરક્ષિત જગ્યામાં હરિયાળી સામે પણ ખતરો જળુંબી રહ્યો છે. આ ઠેકાણે સ્થાનિક શ્રમિકો દ્વારા ઘણીવાર કચરો સળગાવાની હરકત કરવામાં આવતા હરિયાળીને નુકશાન થતો હોવાનો રોષ પણ પર્યાવરણ પ્રેમીઓમાં પ્રવર્તયો છે. જયારે હરિયાળા વૃક્ષોની પણ કટોતી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. વનતંત્ર દ્વારા કરોડોના ખર્ચે કરવામાં આવેલી લોખંડની ફેન્સીંગની યોગ્ય જાળવણી થાય અને ફેન્સીંગનો હેતુ સાર્થક થાય તે અંગે પણ પુરતી તકેદારી રાખવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. શહેરમાં હરિયાળા રોપાઓની વાવણી સાથે સેકટરામાં વરસાદી દિવસોમાં હજુ પણ ઘણાં ઠેકાણે ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી .જેના લીધે ભારે પવન કે વરસાદના સંજોગોમાં રાહદારીઓ ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. ત્યારે ખાસ કરીને નવા સેકટરો તેમજ ગ માર્ગ પર વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ દુર કરવામાં આવે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.



લોક ગાયિકા, લોક નેતાની મુલાકાતે - ગુજરાતના જાણીતા લોક ગાયિકા ગીતા રબારી આજે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી... કચ્છની ધરતીના લોકસાહિત્યની લોકપ્રિય ગાયિકા ગીતા ગાંધીનગરમાં આવ્યા હતા અને વિધાનસભાની પણ મુલાકાત લીધી હતી... મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાતમાં ગુજરાતના વિકાસના ગીતનો તેમણે ઉલ્લેખ કર્યો હતો... અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ પૂર્વે ગીતા રબારીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી...

# રાહેજાને લેઝ માટે ફાળવેલ જમીનમાં કોઈ શરતભંગ થયો નથી : ચુડાસમા

ગાંધીનગર, તા. ૧૦

ભાજપ સરકારે આજે વિધાનસભા ગૃહમાં રાહેજા ગૃપને કોબામાં ફાળવવામાં આવેલ જમીનમાં કોઈ ગોટાળો થયો નથી તેમજ કંપની દ્વારા કોઈ શરતભંગ કે હેતુફેર થયો નથી તેમ સ્પષ્ટ જણાવ્યુ હતું.

આજે કોંગ્રેસ દ્વારા આ મુદ્દે સરકારને ઘેરવાના પ્રયાસો થયા હતા. એક તબક્કે વિપક્ષને સ્પીકરે ચીમકી આપી હતી કે તમે શાંતિ રાખો, સરકાર જવાબ આપે છે પ્રશ્ન ટુંકમાં પુછો નહિ તો મારે ક્રમાંક બદલી આગળ જવુ પડશે.

મહેસુલ વિભાગના મંત્રી કૌશિક પટેલ વતી જવાબ આપતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ગાંધીનગર સી કેટેગરીમાં આવે છે અને ૫૦ હજાર ચો.મી. બાંધકામ પાંચ વર્ષમાં કરવું જોઈએ તેની સામે ૫૪ હજાર ચો.મી.માં બાંધકામ થયું છે. ભાવ જે તે વર્ષની બજાર કિંમતને ધ્યાને લઈ સમિતિએ નિયત કર્યા હતા. આજના ભાવ સાથે તુલના કરવી યોગ્ય નથી.

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ આજરોજ વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમ્યાન પ્રશ્નની ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ગાય, ગૌચર બચાવવાના રૂપાળા સુત્રો પોકારનારી ભાજપની સરકારે રાહેજા ગ્રુપને ગાંધીનગરના કોબા ખાતે ગૌચરની કુલ ૩,૭૬,૫૮૧ ચો.મી. જમીન પ્રતિ ચો.મી. રૂ. ૪૭૦ ના પાણીના ભાવે પધરાવી દીધી છે. ગૌચરની જમીન વેચી શકાય નહી તેવો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો હોવા છતાં ગુજરાતની ભાજપ સરકારે કંપનીને આઈ.ટી. પાર્કનો કોઈ જ અનુભવ ન હોવા છતાં રાહેજા ગ્રુપને લાખો ચો.મી. જમીન પાણીના ભાવે પધરાવી દીધી છે. ભારત સરકારની એજન્સીઓને ઉંચા ભાવે જમીન આપનારી ભાજપ સરકારે આજે વિધાનસભામાં સ્વીકાર્યું હતું કે, ગાંધીનગરના કોબા ખાતે સ.નં. ૨૭૦ની ગૌચરની જમીન મે. એક્વાલાઈન પ્રોપર્ટીઝ પ્રા.લિ. (રાહેજા ગ્રુપ)ને આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે ફાળવવામાં આવી છે. રાહેજા ગ્રુપને આઈ.ટી./આઈ.ટી.એસ. સેઝ પાર્ક બનાવવા માટે અપાયેલ જમીનમાં આ કંપની દ્વારા હેતુફેર કરી કોમર્શીયલ/રહેણાંકના મકાનો બનાવીને ખુલ્લેઆમ શરતભંગ કરેલ હોવા છતાં રાજ્ય સરકાર તેની સામે પગલાં ભરવાને બદલે માલિકોને છાવરી રહી છે. આ મુદ્દે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ વિધાનસભા ગૃહમાં પ્રશ્ન ઉઠાવતાં જણાવ્યું હતું કે, રૂ. ૧૦૦૦ કરોડની અંદાજીત કિંમતની કિંમતી જમીન સરકાર દ્વારા ફક્ત રૂ. ૧૭.૭૦ કરોડમાં આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવાના હેતુસર આપી હતી.

## બેસણું



**શ્રી જયંતકુમાર જી. ભટ્ટ** - નિવૃત્ત નાયબ નિયામક, વર્ગ-૧ (ગુ.સ્ટે. સંવર્ગ) તથા કાર્યકારી પ્રમુખશ્રી, ગાંધીનગર પેન્સનર્સ સમાજ, તા. ૮/૭/૨૦૧૯ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતની પ્રાર્થના સભા તા. ૧૧/૭/૨૦૧૯ને ગુરૂવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાક** દરમિયાન તેમના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :** પ્લોટ નં. ૧૨૪૨/૨, સેક્ટર નં. ૭/ડી, ચૌધરી સ્કૂલની સામે, ગાંધીનગર - ૩૮૨૦૦૭

**પ્રાર્થના અભિલાષી**

ગં. સ્વ. શ્રીમતી ભાનુબેન જે. ભટ્ટ (પત્ની)

કુ. ધ્રુતિ જે. ભટ્ટ (પુત્રી) — શ્રી જિતેન્દ્ર એમ. પોટા (જમાઈ)

કુ. શ્રુતિ જે. ભટ્ટ (પુત્રી) — શ્રીમતી દિપ્તી જે. પોટા (પુત્રી)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com